# ગાંધીનગરના યુવકે કોટા જઈ ૧૭ વર્ષીય છોકરીની હત્યા કરી

## પોલીસે હત્યા ઉપરાંત બળાત્કારનો પણ ગુનો નોંધ્યો : છત્તીસગઢના બિલાસપુરની રહેવાસી ૧૭ વર્ષીય છોકરીની હત્યા કરેલી લાશ કોટાથી મળી આવી હતી

કોટા,તા.૧૧

છત્તીસગઢના બિલાસપુરની ૧૭ વર્ષીય છોકરીનો મૃતદેહ કોટામાંથી મળી આવ્યો હતો. મર્ડર કેસની તપાસમાં ખુલાસો થયો છે કે, છોકરીની હત્યા તેના ઓનલાઈન ફ્રેન્ડે કરી છે. બે વર્ષ પહેલા આ છોકરીની એક યુવક સાથે ઓનલાઈન મિત્રતા કેળવાઈ હતી. બંને પહેલીવાર મળ્યા ત્યારે જ છોકરીએ યુવક સાથે સંબંધ રાખવાની ના પાડી દેતાં વાત હત્યા સુધી પહોંચી હતી. ૨૨ વર્ષીય આરોપી કિશન ઠાકુરની ધરપકડ તેના ગુજરાતના ગાંધીનગરમાં આવેલા ઘરેથી કરવામાં આવી હતી. ધરપકડ બાદ પોલીસ તેને કોટા લઈને આવી હતી જ્યાં તેણે પથ્થરથી છોકરીની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. પ્રેમમાં ઝનૂની બની ગયેલા યુવકે પૂછપરછ વખતે કહ્યું, "જો તેણી મારી ના થઈ શકે તો કોઈની ના હોઈ શકે. પોલીસે યુવક સામે છોકરીની હત્યા અને બળાત્કાનો ગુનો નોંધ્યો છે. છોકરીએ સંપર્ક જાળવી રાખવાનો ઈનકાર કરતાં બીએનો અભ્યાસ કરી રહેલો આરોપી અકળાઈ ગયો હતો. છોકરી દ્ઈઈની પરીક્ષાની તૈયારી કરી રહી હતી અને તેના માટે જ બે મહિના અગાઉ કોટા આવીને એક કોચિંગ ઈન્સ્ટીટ્યૂટમાં એડમિશન લીધું હતું. છોકરીએ યુવક સાથે બ્રેકઅપ કરીને તેનો નંબર બ્લોક કરી દીધો હતો", તેમ કોટાના એસપી (શહેર) કેસર સિંહે શુક્રવારે જણાવ્યું. છોકરી અને કિશનની મુલાકાત બે વર્ષ અગાઉ ફ્રી ફાયર ઓનલાઈન વિડીયો ગેમ રમતી વખતે થઈ હતી. જે બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચેટિંગ કરીને તેઓ સંપર્કમાં રહેતા હતા. એસપીએ આગળ જણાવ્યું, તેઓ અગાઉ વ્યક્તિગત રીતે ક્યારેય એકબીજાને મળ્યા નહોતા. તેમની પહેલી મુલાકાત કોટામાં થઈ, જે છોકરીની હત્યા સુધી પહોંચી. છોકરીએ બ્રેકઅપ કરી દેતાં કિશનનું લોહી ઉકળી ઉઠ્યું અને રવિવારે તે કોટા પહોંચી ગયો. વિજ્ઞાનનગરમાં આવેલી હોટેલમાં તે રોકાયો હતો.

"છોકરી રાજીવ ગાંધીનગરમાં આવેલી હોસ્ટેલમાં રહેતી હતી. યુવકે તેનો સંપર્ક કર્યો અને તેને પોતાના હોટેલ રૂમમાં લઈ ગયો. અહીં તેણે છોકરીની મરજી વિરુદ્ધ તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. અમે યુવક સામે ઝની કલમ અને પોક્સો એક્ટ હેઠળ બળાત્કારનો ગુનો નોંધ્યો છે, તેમ એસપીએ ઉમેર્યું. કિશને શરૂઆતમાં પોલીસને કહ્યું હતું કે, તે છોકરીની સામે આત્મહત્યા કરવા માટે કોટા આવ્યો હતો. પરંતુ બાદમાં તેણે વિચાર્યું કે, 'જો તે મારી ના થઈ શકે તો તેને કોઈની નહીં થવા દઉં'. સોમવારે છોકરી અને યુવક સ્કૂટર ભાડે લઈને જવાહર સાગર ડેમ વિસ્તારમાં ગયા હતા. તે છોકરીને લઈને ગાઢ જંગલમાં પહોંચ્યો હતો. જ્યારે છોકરીએ બ્રેકઅપનો આગ્રહ કર્યો ત્યારે તેને ગુસ્સો આવી ગયો અને પથ્થરથી છોકરીના માથામાં માર માર્યો. જેથી છોકરી ત્યાં જ બેભાન થઈને ઢળી પડી. આવેશમાં આવેલા કિશને ફરીથી તેના માથામાં પથ્થર માર્યો હતો. જે બાદ તેના મૃતદેહને ઢસડીને જંગલમાં લઈ ગયો હતો. છોકરીના ચહેરા પર પથ્થર માર્યા બાદ તેનો મૃતદેહ ત્યાં જ મૂકીને કિશન ફરાર થયો હતો. છોકરીની હત્યા બાદ કિશને નજીકમાં વહી રહેલી ચંબલ નદીમાં નાહીને કપડાં અને શરીર પર લાગેલા લોહીના ધબ્બા સાફ કર્યા હતા. જે બાદ સ્કૂટર લઈને નયનપુરા બસ સ્ટેન્ડ પહોંચ્યો હતો. ત્યાંથી બસ પકડીને અમદાવાદ આવ્યો હતો", તેમ એસપીએ જણાવ્યું. છોકરીનો મૃતદેહ બુધવારે રાત્રે મળી આવ્યો હતો. મૃતદેહ મળ્યા બાદ શરૂ થયેલી તપાસમાં તેની કોલ ડિટેલ્સની ચકાસણી કરતાં કિશનનું નામ સામે આવ્યું હતું. ગુજરાત એસઓજીની મદદથી કોટા પોલીસની ટીમે કિશનની ધરપકડ કરી હતી.

# સમુદ્રથી ઘેરાયેલા દ્વારકા મંદિરની સુરક્ષા વધારાઈ

## આતંકવાદી હુમલાને લઈ તંત્ર એલર્ટ : આતંકવાદી હુમલાના ઈનપુટના પગલે સુરક્ષા હાઈ એલર્ટ જગત મંદિર દ્વારકાધીશ ખાતે થ્રી લેયર સુરક્ષા કરાઇ

દ્વારકા,તા.૧૧

આતંકવાદી સંગઠન અલકાયદાએ દેશમાં હુમલાની ધમકી આપ્યા બાદ ગુજરાતભરમાં એલર્ટ અપાયું છે. ત્યારે દ્વારકા મંદિરની સુરક્ષામાં વધારો કરાયો છે. હાઈ અલર્ટને પગલે દ્વારકા મંદિરમાં થ્રી લેયર સુરક્ષા રાખવાનો નિર્ણય કરાયો છે. હાલમાં દ્વારકા જિલ્લાની તમામ ચેકપોસ્ટ પર વાહનોનું ચેકિંગ કરાઈ રહ્યું છે. ભીડભાડવાળા વિસ્તારોમાં પોલીસ બાજ નજર રાખી રહી છે. દ્વારકા મંદિરમાં ઝઝ્ફ થી પણ વોચ રાખવામાં આવી રહી છે. સમગ્ર રાજયમાં આતંકવાદી હુમલાના ઈનપુટના પગલે સુરક્ષા હાઈ એલર્ટ પર છે,ત્યારે જગત મંદિર દ્વારકાધીશ ખાતે થ્રી લેયર સુરક્ષા કરાઈ. આંતક વાદી સંગઠન અલકાયદા દ્વારા ગુજરાતમાં હુમલાની ધમકીના પગલે સમગ્ર ગુજરાત હાઈ એલર્ટ પર છે. ત્યારે દ્વારકા ખાતે આવેલ દ્વારકાધીશ જગત મંદિરની સુરક્ષામાં પણ વધારો કરાયો છે. દ્વારકા જિલ્લો કે જે ૩ તરફથી સમુદ્ર સાથે ઘેરાયેલો હોઈ તે સુરક્ષાની દ્રષ્ટિએ અતિ મહત્વપૂર્ણ ગણાય છે. અહી જગ વિખ્યાત દ્વારકાધીશ મંદિર આવેલું છે. જ્યાં દરરોજ હજારોની સંખ્યામાં યાત્રાળુ સમગ્ર દેશમાંથી આવતા હોય છે. ત્યારે સુરક્ષાની દ્રષ્ટિએ આ જિલ્લો ખુબ જ મહત્વ પૂર્ણ ગણવામાં આવે છે. હાલ આતંકવાદી હુમલાની દેહશતના પગલે દ્વારકા જિલ્લાના તમામ ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા



તમામ એન્ટ્રી કરતા વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. તો દ્વારકાધીશ મંદિર, ગોમતીઘાટ, સુદામાસેતુ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન પર તેમજ શહેરના ભીડભાડવાળી જગ્યામાં પોલીસ દ્વારા ખાસ નજર રખાઈ રહી છે. જગત મંદિર દ્વારકા ખાતે પણ સુરક્ષામાં વધારો કરી દેવાયો છે. અહીં આવતા તમામ લોકોને ચેકીંગ કર્યા બાદ જ મંદિર પરિસરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

# મોટેરા સ્ટેડિયમનું નામ બદલવા સરદાર સન્માન સંકલ્પ યાત્રા યોજાશે

## મોટેરા સ્ટેડિયમના નામને લઈને ફરી વિરોધનો વંટોળ : આ યાત્રાને પાસનું પણ સમર્થન મળ્યું , પાસ દ્વારા પણ ગુજરાત સરકારને આ બાબતે ચીમકી આપવામાં આવી

અમદાવાદ, તા.૧૧

મોટેરામાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયનું નામ બદલવાને લઈને હવે વિરોધ સામે આવ્યો છે. મોટેરાના સ્ટેડિયમનું રિનોવેશન થયા બાદ તેને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું હતું. એ સમયે પણ આ નામને લઈને વિરોધ સામે આવ્યો હતો. ત્યારે ફરી એકવાર વિરોધનો વંટોળ ઉઠ્યો છે.

હવે સરદાર પટેલ સંકલ્પ આંદોલન સમિતિ દ્વારા સરદાર સન્માન સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાને પાસનું પણ સમર્થન મળ્યું છે. પાસ દ્વારા પણ ગુજરાત સરકારને ચીમકી આપવામાં આવી છે. પાસના નેતા અલ્પેશ કથીરિયાએ પણ આ યાત્રામાં જોડાવવાની જાહેરાત કરી છે. ગુજરાતમાં સરદાર પટેલનું અપમાન ગણાવીને યાત્રા દ્વારા વિરોધ કરવામાં આવશે. જે અંતર્ગત આવતીકાલે રવિવારે બારડોલીથી અમદાવાદ સુધી સરદાર સન્માન સંકલ્પ યાત્રા યોજાશે, એવા અહેવાલ સામે આવ્યા છે. ૧૨ જૂન રવિવારે બારડોલી આશ્રમથી યાત્રા નીકળશે અને ૧૩ જૂન સોમવારે મોટેરા સ્ટેડિયમે પહોંચશે. નોંધનીય છે કે, મોટેરા ક્રિકેટ સ્ટેડિયમના રિનોવેશન થયા બાદ તેને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ અપાયા બાદ પાટીદાર સમાજમાં રોષ જોવા મળ્યો હતો.

સરદાર પટેલનું નામ પનુઃસ્થાપિત કરવા માટે સરદાર સંકલ્પ આંદોલન સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિ દ્વારા આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. જે અંતગર્ત ૧૨ જૂન રવિવારે બારડોલી આશ્રમથી યાત્રા નીકળશે અને ૧૩ જૂન સોમવારે અમદાવાદના મોટેરામાં આવેલા સ્ટેડિયમ સુધી યાત્રા યોજાશે. આ યાત્રામાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકો જોડાય એવી અપીલ પણ કરવામાં આવી છે.

# ભાજપ નેતાએ મુખ્યમંત્રીને કરી ભ્રષ્ટાચારની ફરિયાદ

## જામનગર મનપાના ડેપ્યુટી મેયર દ્વારા ફરિયાદ : લાયકાત મુજબ ભરતી અને બઢતી કરવાની હોય છે જે નિયમોનું પાલન ન કરાયો હોવાનો ઉલ્લેખ કર્યો

જામનગર, તા.૧૧

મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર તપન પરમાર દ્વારા મ્યુનિસિપલ કમિશનર અને ગુજરાતના મુખ્યમંત્રીને જામનગર મનપામાં વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધી કરવામાં આવેલ ભરતી અને બઢતીને લઈને પત્ર લખી રજુઆત કરતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. જામનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર તપન પરમાર દ્વારા પત્રમાં જણાવ્યા મુજબ જામનગર મનપામાં અત્યાર સુધી લાયકાત બઢતી કે બદલી કરવામાં આવી નથી.

જ્યારે વર્ષ ૨૦૧૫ ના મંજુર થયેલ જનરલ સેટઅપ મુજબ સેટઅપમાં નિયત થયેલ લાયકાત મુજબ ભરતી અને બઢતી કરવાની હોય છે. જે નિયમોનું પાલન ન કરાયો હોવાનો ઉલ્લેખ કર્યો છે સાથે સાથે જામનગર મહાનગર પાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપનું શાસન હોય અને ભાજપના જ શાસક પક્ષના ડેપ્યુટી મેયર દ્વારા મનપાની વહીવટી પ્રક્રિયા અંગે આ પત્ર લખાતા મનપા વર્તુળમાં ભારે ચર્ચા જાગી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપ શાસિત બોટાદ નગરપાલિકામાં ભ્રષ્ટાચારના આક્ષેપ શાસક પક્ષ દ્વારા જ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયા વોટર વર્કર્સ શાખામાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારાના આક્ષેપ છે. વોર્ડ નંબર ૧૦ના સભ્ય મેઘજીભાઈએ જ આ આરોપ લગાવ્યો હતો.

અધિકારીઓની પણ સંડોવણીના આક્ષેપો કરાયા હતા. આ અંગે પાલિકા પ્રમુખને રજુઆત કરવામાં આવી હોવા છતા પણ ધ્યાને નહી લેવાયાનો આક્ષેપ કર્યો હતો. કોન્ટ્રાક્ટ અપાયા બાદ નગરપાલિકાએ પોતે પાઈપ ખરીદીને કોન્ટ્રાક્ટરને ફાળવી હોવાનો આક્ષેપો કરવામાં આવ્યા હતા.

# વલસાડ શહેરમાં વીજળીનાં કડાકા-ભડાકા સાથે વરસાદ

## નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાયા : વાદળછાયા વાતાવરણ વચ્ચે વલસાડ અને આસપાસના વિસ્તારમાં વરસાદી માહોલ જામતા વાતાવરણમાં ઠંડક

વલસાડ,તા.૧૧

ગુજરાતમાં ચોમાસું હવે ઢૂંકડું આવી ગયું છે. હવામાન વિભાગે



ચાર દિવસ સુધી વરસાદની પણ આગાહી કરી છે. જોકે, હાલ પડી રહેલો વરસાદ પ્રી-મોન્સૂન વરસાદ છે, એટલે કે ચોમાસા પહેલાનો વરસાદ છે. બીજી તરફ આજે વહેલી સવારે વલસાડ શહેરમાં વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદ પડ્યો છે. બીજી તરફ રાજ્યના લોકો કાળઝાળ ગરમી વચ્ચે ચોમાસાનો વિધિવત પ્રારંભ થાય તેની રાહ જોઈ રહ્યા છે. કેરળથી શરૂ થયેલું ચોમાસું હાલ ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. હાલ ચોમાસું ગોવા સુધી પહોંચી ગયું છે. હાલ ચોમાસાને આગળ વધવા માટે સાનુકૂળ વાતાવરણ હોવાથી બહુ ઝડપથી મેઘરાજાની સવારી ગુજરાત આવી પહોંચશે તેવી આશા છે. હવામાન વિભાગના અંદાજ પ્રમાણે એકથી બે દિવસમાં ચોમાસું મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં પહોંચી જશે. રાજ્યમાં ચાર દિવસ સુધી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં થન્ડર સ્ટોર્મ ગતિવિધિ જોવા મળશે.

અમદાવાદ, આણંદ, વડોદરા, નવસારી, તાપી, ડાંગ, વલસાડ, ભાવનગર, અમરેલીમાં ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. વલસાડ શહેરના વાતાવરણમાં આજે શનિવારે સવારે અચાનક પલટો આવ્યો હતો. જે બાદમાં વરસાદ ખાબક્યો હતો. અચાનક આવેલા વરસાદને પગલે અમુક વિસ્તારોમાં વીજળી પણ ડૂલ થઈ ગઈ હતી.

### પાલનપુર પંથકમાં પાણીની વિકટ સમસ્યા સર્જાઈ

# ખેતરમાં ઉભેલા પાક સુકાઈ જતા ખેડૂતોની હાલત કફોડી

## અનેકવાર પાણી માટે જળ આંદોલન કરવા છતાં ખેડુતોને સિંચાઇનું પાણી ન મળતાં ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે

બનાસકાંઠા, તા.૧૧

જિલ્લાના પાલનપુર પંથકમાં પાણીની વિકટ સમસ્યા સર્જાતા ખેડૂતોના ખેતરમાં ઉભેલા પાક સુકાઈ જતા ખેડૂતોની હાલત કફોડી બની છે, અનેકવાર પાણી માટે જળ આંદોલન કરવા છતાં ખેડુતોને સિંચાઈનું પાણી ન મળતાં ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે. જેથી ખેડૂતો પાણીની માંગ કરી રહ્યા છે.

રણની કાંધીએ આવેલો બનાસકાંઠા જિલ્લો હંમેશા પાણીની વિકટ સમસ્યાથી ઝઝૂમી રહ્યો છે. જો કે જિલ્લાના પાલનપુર અને વડગામ પંથકમાં પાણીના તળ ખુબજ ઊંડા જતા સિંચાઈના પાણી સાથે સાથે પીવાના પાણીની પણ વિકટ સમસ્યા ઉભી થઈ છે. પાલનપુરમાં સિંચાઈનું પાણી પૂરતા પ્રમાણમાં ન મળતું હોવાથી ખેડૂતોએ પાણી માટે મોટું જળ આંદોલન પણ કર્યું હતું. પરંતુ તંત્ર કે સરકાર દ્વારા ખેડૂતો માટે સિંચાઈના પાણીની કોઈ વ્યવસ્થા ન કરતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. પાલનપુર પંથકમાં પહેલાથી પાણી પાણીની ભારે તંગી હોવાના કારણે મોટા ભાગના ખેડૂતોએ પોતાના અડધા જ ખેતરોમાં વિવિધ ઉનાળુ પાકોનું વાવેતર કર્યું હતું. જોકે તે પાકોને પણ પૂરતું પાણી ન મળતાં બાજરી સહિતના અનેક પાકો સુકાઈ જતાં ખેડૂતોને મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. જેથી ખેડૂતોની હાલત કફોડી બની છે તો બીજું બાજુ પાક સુકાઈ જતાં ખેતરોમાં ભાગથી ખેતી કરતા ખેત મજૂરોની હાલત ખુબજ દયનિય બની છે અને તેમનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે. પાણી વગર ખેડૂતો મુશ્કેલીમાં મુકાય છે અને જો પાણી નહિ મળે તો ખેતી છોડીને હિજરત કરવાની વાત કરી સરકારને પાણી આપવાની માંગ કરી રહ્યા છે.

પાલનપુર અને વડગામ પંથકમાં પાણીના તળ ખુબ જ નીચા જવાથી ખેડૂતો વર્ષોથી પાણીની માંગ કરી રહ્યા છે. જળ આંદોલન કરી રહ્યા છે. જો કે પાણીની સમસ્યાનું કોઈ જ નિરાકરણ ન આવતા હવે આ વિસ્તારના ખેડૂતો પોતાની અડધી જમીનમાં જ ખેતી કરી રહ્યા છે છતાં પણ પાણી વગર તેમના પાક સુકાઈ જતા તેમના મોંઘભાવના બિયારણ અને ખાતરનો ખર્ચ પણ નીકળી શકતો ન હોવાથી હવે ખેડૂતો ખેતી છોડી દે તો નવાઈ નહિ.

# અમદાવાદમાં ભાવનગરીઓની ૧૨મી જૂને આઈસક્રીમ પાર્ટી

ઉનાળાનો ઉત્તરાર્ધ નજીક છે અને વરુણદેવના આગમનની સહુ પ્રતિક્ષામાં છે. ઉનાળાને વિદાય અને વરુણદેવના વધામણા માટે અમદાવાદમાં વસતા ભાવનગરીઓ માટે આગામી તા.૧૨ જૂન, રવિવારે સાંજે ૫.૩૦ કલાકે અંધજન મંડળનો હોલ, આઈ.આઈ.એમ. ચાર રસ્તાના કોર્નર પાસે પેટભરી આઈસક્રીમ પૂરી બટેટા આરોગવાની સાથે રંગારંગ મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

હંમેશની જેમ હમવતનીઓ માટે આ કાર્યક્રમ રસપ્રદ બને તે હેતુથી ભાવનગરી મિત્રો ગીત, મિમિક્રી, જોક્સ વગેરે પ્રસ્તુત કરી શકશે. જેથી વૈવિધ્યસભર મનોરંજન પિરસી શકાય.

સમગ્ર વ્યવસ્થાના ખર્ચ પેટે વ્યકિત દીઠ રુ.૧૫૦/-નું યોગદાન આપવાનું રહેશે. આઈસક્રીમ પાર્ટીમાં સામેલ થવા માટે તા.૧૦મી જૂન સુધીમાં પોતાના નામ પાર્થિવભાઈ મણિયારને મો.નં. ૭૩૮૩૬ ૯૯૮૬૧ ઉપર નોંધાવવા જણાવ્યુ હતું. આ અંગે વિશેષ જાણકારી માટે દિલીપ શાહ મો.૯૮૨૪૦ ૨૨૯૫૭ ઉપર સંપર્ક કરી શકાશે.

# પાવાગઢ મહાકાળી મંદિર ઉપર ધ્વાજારોહણ કરાશે

## આ શુભ અને ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહેમાન બનવાના છે

વડોદરા, તા.૧૧

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકા નજીક આવેલાં પવિત્ર યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી માતાના મંદિરની કાયાપલટ થઈ ગઈ છે. મંદિર પરના ભવ્ય શિખર પર રહેલા કળશ અને ધ્વજદંડને સોનાનો ઢોળ ચડાવ્યા બાદ મંદિરના ગર્ભગૃહને પણ સોનાથી મઢવામાં આવી રહ્યો છે, જેનું કામ પૂર્ણતાના આરે છે. ૧૮મી જૂનના રોજ અહીં મંદિરના વિશાળ શિખર પર દાયકાઓ બાદ ધ્વજારોહણ કરવામાં આવશે. આ શુભ અને ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહેમાન બનવાના છે. તેમના હસ્તે જ ધ્વજારોહણ કરવામાં આવશે. તેઓ સૌથી પહેલા મહાકાળી માતાના ચરણોમાં શીશ ઝુકાવીને આશીર્વાદ લેશે અને ત્યારબાદ ધ્વજા ચડાવશે.

શક્તિપીઠમાંથી એક પાવાગઢની ટોચ પર બિરાજમાન મહાકાળી માતાના દર્શન કરવા માટે ગુજરાતના ખૂણે-ખૂણેથી દર વર્ષે સેંકડો ભક્તો આવે છે. માતાના દર્શન કરીને બાધા પૂરી કરી તેઓ ધન્યતાનો અનુભવ કરે છે.

### વધુ પાંચ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાતાં રિપોર્ટ કઢાવતા તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૫૦ પર પહોંચી છે. તંત્રએ અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવા ઉપરાંત જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે પણ કડક તાકીદ કરી છે.

### ૧ મીમી વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે.

જિલ્લામાં ૭ થી ૧૦ જૂન દરમ્યાન મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૬ ડિગ્રી સે. નોંધાયુ છે, જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૨૩-૮૧ ટકા વચ્ચે નોંધાયુ છે. પવનની ગતિ ૨ થી ૭ કિ.મી.ની નોંધાઈ છે.

ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં જમીનની ભેજ સંગ્રહશક્તિ વધારવા માટે જમીનને લેવલ કરવી અને સમતળ પાળા બાંધવા, જમીનનું ધોવાણ અટકાવવા તેમજ ભેજ સંગ્રહશક્તિ વધારવા સારૂ ઢાળની વિરૂદ્ધ દિશામાં ખેડ કરવી અને વાવેતર માટેના ચાસ કરવા, ચોમાસામાં વરસાદના પાણીને વહી જતુ અટકાવવા તથા તેના સંગ્રહ સારૂ ખેત તલાવડી બનાવવી, વહી જતા વરસાદના પાણીને કુવા અથવા બોરમાં નીયત પદ્ધતિ મુજબ રિચાર્જ કરવા માટેની જરૂરી તૈયારી કરવા જણાવ્યુ છે.

### ફોર્સ ઘટી જશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરવઠો પણ ડિસ્ટર્બ થાય તેવી સ્થિતિ છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આપી શકાય તેવી પણ સંભાવના છે. જયારે નિયત સમય કરતા મોડો પાણીનો સપ્લાય આપવામાં આવે તે મુજબ પણ આયોજન કરવુ પડે તેમ છે. જો કે આ ટેકનિકલ ખામીનો મોડી સાંજ સુધીમાં નિવેડો આવી જશે પરંતુ આમછતા સેકટરોમાં એક દિવસ માટે પુરવઠો સપ્લાય કરવામાં વિલંબ થાય તેવી પણ સંભાવના છે. જેથી શહેરના સે-૧ થી ૩૦ માં રવિવારે પુરતા ફોર્સથી પાણીનો સપ્લાય ન મળે તેવી સ્થિતિ સર્જાઇ છે.

### મહત્વની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર મનપાની આ બેઠકમાં વહીવટીય કામગીરીનું ભારણ વધુ છે. જોકે આ બેઠકમાં આગામી ચોમાસાને લઈ રોગચાળાની પરિસ્થિતિ ઉભી ના થાય તે માટે પગલાં લેવા બાબતે તેમજ શહેરમાં વધી રહેલા કોરોનાના કેસો અંગે પણ અવિધિસરની ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે. મનપાની સ્થાયી સમિતિની આ બેઠકમાં તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા સંદર્ભે પણ ચર્ચાઓ થવાની સંભાવના હોવાનું જાણવા મળેલ છે.

### ધમાકેદાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક વિસ્તારોમાં તો સૌરાષ્ટ્રના અમરેલી સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. તો બીજી તરફ હવામાન વિભાગે પણ આજથી ચાર દિવસ સુધી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી ૪૮ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની અસર વધુ જોવા મળશે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી બે દિવસમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો જેમાં ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને રાજકોટમાં વરસાદી માહોલ જોવા મળશે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદી માહોલ રહી શકે છે. આ ઉપરાંત રાજયમાં કેટલાક વિસ્તારમાં થન્ડર સ્ટોર્મની એક્ટિવિટી પણ રહી શકે છે. હવામાન વિભાગ અનુસાર આગામી ૪૮ કલાક દરમિયાન ચોમાસાને આગલ વધવા માટેની સ્થિતિ અનુકૂળ દેખાઈ રહી છે જેના કારણે મેઘરાજના સવારી ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી, ઉત્તર અરબી સમુદ્રના કેટલાક ભાગો, કોંકણના બાકીના ભાગો, ગુજરાત રાજયના કેટલાક ભાગો, મધ્ય મહારાષ્ટ્રના મોટાભાગના ભાગો, સમગ્ર કર્ણાટક અને તમિલનાડુ, તેલંગાણાના કેટલાક ભાગો, આંધ્રપ્રદેશમાં આગળ વધશે.

### રાજ્યસભા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. ચૂંટણીના પરિણામોમાં ભાજપના ફાળે ૩ બેઠકો અને કોંગ્રેસના ફાળે ૧ બેઠક આવી હતી. જ્યારે જેડીએસને એક પણ બેઠક નહોતી મળી. મહારાષ્ટ્રમાં રાજ્યસભાની ૬ બેઠકો સામે ૭ ઉમેદવારો હતા. ચૂંટણી જીતવા માટે દરેક ઉમેદવારને ૪૨ મત મળવા જરૂરી હતા. પરિણામોમાં ભાજપને ૬ પૈકીની ૩ બેઠકો મળી છે જ્યારે શિવસેના, કોંગ્રેસ અને એનસીપીને ૧-૧-૧ બેઠક મળી છે.

### સમર્થન આપ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક સંયુક્ત બેઠક યોજશે અને આગળની રણનીતિ તૈયાર કરશે. દેશને બચાવવા માટે સંતો પણ રસ્તાઓ પર ઉતરશે. ઉપરાંત શહેર લેવલે સંત સમાજના એકમો રચવામાં આવશે જેમાં તમામ પંથના લોકો સામેલ થઈ શકશે.

કાશી ધર્મ પરિષદ દ્વારા કેન્દ્ર અને પ્રદેશ સરકારો સમક્ષ આ પ્રકારની અરાજકતા ફેલાવનારા તથા તેના કાવતરાખોરોને ઝડપીને તેમના સામે આકરી કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી છે. સુદામા કુટી હરતીરથ ખાતે પાતાલપુરી મઠના પીઠાધીશ્વર મહંત બાલક દાસની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કાશીના મઠોના પીઠાધીશ્વર, સંતો, મહંતો અને સામાજીક કાર્યકરોની ઉપસ્થિતિમાં ૧૬ પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, આ પ્રસ્તાવને તમામ અખાડાઓ, તમામ પંથોના પ્રમુખો સાથે મળીને સરકારને મોકલવામાં આવશે. તેમના દ્વારા એવી માગણી કરવામાં આવી છે કે, સરકાર કટ્ટરપંથિઓ સામે આકરૂં વલણ દાખવે. પથ્થરમારા અને હિંસા માટે જવાબદાર વ્યક્તિ અને સંસ્થા પર લગામ કસીને તેને બંધ કરવામાં આવે. તેમની સંપત્તિઓ જપ્ત કરવામાં આવે.

કાશી ધર્મ પરિષદની બેઠકમાં એવી માગણી કરવામાં આવી છે કે, જ્ઞાનવાપી મામલે સત્ય બોલનારા અફસર બાબાને સ્થાયી સુરક્ષા આપવામાં આવે. અફસર બાબા પર હુમલો કરનારાઓની ધરપકડ કરીને રાસુકા લગાવવામાં આવે.